## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




બાપજી... ઘરમાં ચોરી થાય એવું ના રહ્યું... લેણદાર આવતા નથી, રૂપિયા દેવા જઈએ છીએ તો ના પાડે છે. છોકરા ને પાંચસોની નોટ આપું છું તો પણ ના પાડે છે... તો શું આ રામરાજ્ય આવી ગયું તેમ કહેવાય...?

# આજથી શાળા સંકુલો વિદ્યાર્થીઓના કોલાહલથી ગુંજશે

**૨૧ દિવસના દિવાળી વેકેશન બાદ વિદ્યાર્થીઓ શાળા તરફ ડગ માંડશે : નગરનુ જનજીવન વધુ ધબકતુ થશે**

ગાંધીનગર તા ૧૭

દિવાળી વેકેશન આજે પુર્ણ થતા શાળાઓ ધમધમતી થશે. ૨૧ દિવસના દિવાળી વેકેશનના અંતે શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે. છેલ્લા કેટલાક દિવસથી વેકેશનના લીધે નગરના શૈક્ષણિક સંકુલમાં સુનકાર છવાયેલો જોવા મળતો હતો. જયારે દિવાળીના અંતે આજથી શાળા સંકુલોમાં કોલાહલ સંભળાશે. દિવાળીમાં મોજમજા માંણ્યા બાદ વિદ્યાર્થીઓ અભ્યાસમાં જોડાશે. શાળાઓ શરૂ થતા શહેરના જનજીવન ચેતનવંતુ બનશે.

દિવાળીના પર્વ બાદ હવે વેકેશન પુર્ણ થતા આજથી વિદ્યાર્થીઓ શાળા તરફ ડગ માંડશે. દિવાળીના ૨૧ દિવસીય વેકેશન દરમિયાન હરવા ફરવાની મોજ માંણ્યા બાદ શુક્રવારથી શાળાઓ શરૂ થવાની હોવાથી ગુરુવારથી જ વાલીઓ વિદ્યાર્થીઓને શાળાએ મોકલવાની જરૂરી તૈયારીમાં લાગી ગયા હતા. દિવાળીના પર્વમાં બહારગામ ગયેલા પરિવારજનો પણ પરત આવી ગયા છે. જયારે ખુલતા વેકેશનને ધ્યાને લઈ પાલ્યને શાળાએ મોકલવા માટેની તૈયારીમાં વ્યસ્ત જોવા મળી



રહયા છે. શહેરમાં વેકેશન દરમિયાન શાળાઓ બંધ રહેતા શાળા સંકુલ સહીત આસપાસના વિસ્તારમાં પણ સુનકાર જોવા મળી રહયો છે.

જયારે હવે શાળાઓમાં વેકેશન ખુલતા ધમધમાટ જોવા મળશે. શાળા સંકુલો આજથી ધમધમતા થશે. નવા વર્ષના પ્રારંભ બાદ શાળાઓમાં પણ નવા શૈક્ષણિક સંકુલનો પ્રારંભ થશે. શિક્ષન સત્રના પ્રારંભને વધાવવા માટે શાળાના સંચાલકો, આચાર્યો તેમજ શિક્ષકો પણ ઉત્સુક છે. ત્યારે વિદ્યાર્થીઓને મીની વેકેશન બાદ શાળાએ મોકલવા માટે વાલીઓ પણ તૈયારીમાં લાગી ગયા છે. અત્યાર સુધી શાળા સંકુલોમાં ખાલીપો જોવા મળતો હતો. જયારે શુક્રવારથી નગરની શાળાઓમાં વિદ્યાર્થીઓનો ધમધમાટ જોવા મળશે. એકબાજુ શિયાળાની ગુલાબી ઠંડીનો પ્રારંભ થઈ ગયો છે. આવા સંજોગોમાં વિદ્યાર્થીઓને ઠંડીથી રક્ષણ મળે તે માટે વાલીઓએ ગરમ કપડાની ખરીદી પણ કરી લીધી છે. ઉઘડતા વેકેશનથી જ શાળા સંકુલ ગુંજતુ જોવા મળશે જયારે નગરનુ જનજીવન પણ વધુ જીવંત બનશે.

# ચિલમનો શોખીન અલગારી ચોર પકડાયો

**મુંબઈથી દર મહિને ઊંઝા મીરા દાતાર અને ત્યાંથી અજમેરની દરગાહમાં ચાદર ચઢાવવા મોંઘીદાટ ગાડીઓ લઈને જતો અને રસ્તામાં ગાડીઓમાંથી ચોરીઓ કરી લેતો..! : છ લક્ઝુરીયસ ગાડીઓ ચોરી અને ૨૭ ગાડીના કાચ તોડી અંદરથી કિંમતી સામાનની ચોરીના ભેદ ઉકેલાયા : ગાંધીનગર એલસીબીએ ૨૧.૫૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો : બે શખ્સો ફરાર**

ગાંધીનગર, તા. ૧૭

મુંબઈની ક્રાઈમ સીટી ગણાતા નાલા સોપારી વિસ્તારના એક અલગારી ચોરને ગાંધીનગર એલસીબીની ટીમે દબોચી લીધો છે. મોંઘીદાટ ગાડીઓ મુંબઈ અને ગુજરાતમાંથી ચોરી કરીને નંબર પ્લેટ બદલી નાંખી ગાડીઓ વાપરવાની અને પાર્કીંગમાં પડેલી ગાડીઓના કાચ તોડી અંદરથી કિંમતી સામાન ચોરી કરી તે માલ વેચીને અવનવી ચિલમો સળગાવી તે રૂપિયાના ધુમાડા કરવાનો તેનો એક માત્ર શોખ..! આ શખ્સે તેના મિત્ર સાથે મળીને કેટલી ગાડીઓના કાચ ફોડીને ચોરીઓ કરી છે તે બાબત તો આ શખ્સને પણ ખબર નથી પરંતુ પોલીસ રેકર્ડ પરની છ મોંઘીદાટ કાર ચોરી અને અન્ય કારના કાચ તોડી અંદરથી કિંમતી સામાનની ચોરીના ૩૩ ગુનાઓ મુંબઈ-ગુજરાતના તેને યાદ હતા તેની કબુલાત તેણે કરી લીધી છે. ગાંધીનગર એલસીબીએ તેની ધરપકડ કરી લઈ રૂ. ૨૧.૫૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ઊંડી પુછતાછ શરૂ કરી છે. ચોરીમાં મદદ કરતો તેનો સાગરીત મિત્ર અને ચોરેલો માલ ખરીદતો તેનો વેપારી મિત્ર બે શખ્સોની ધરપકડ માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. આ



અલગારી ચોર દર મહિને છઠ્ઠના દિવસે મુંબઈથી ઊંઝા મીરા દાતાર અને ત્યાંથી અજમેરની દરગાહે ચાદર ચઢાવવા ચોરેલી ગાડી લઈને જતો હતો અને રસ્તામાં જ્યાં તક મળે ત્યાં કારના કાચ ફોડી ચોરી કરી મુંબઈના વેપારીને તે ચોરીનો સામાન વેચી મારતો હતો..!

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે કારના કાચ તોડી અંદરથી કિંમતી ચિજવસ્તુઓની ચોરીની ફરીયાદો વધતા આ ગેંગને પકડવા એલસીબી પી.આઈ. પરાગ ચૌહાણને સુચના આપી હતી. જેને પગલે પીએસઆઈ એચ.કે. સોલંકી તથા કૃણાલ પટેલની ટીમે અડાલજ કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગ સઘન કરી ચોક્કસ બાતમીને આધારે શેરથા ત્રણ રસ્તા પાસેથી નંબર પ્લેટ વગરની ફોર્ચ્યુનર ગાડી સાથે મુંબઈના નાલા સોપારી વિસ્તારના જુનેદ ઊર્ફે બમ્બઈયા યુનુસ શેખને પકડી પાડ્યો હતો. તેની ગાડીમાં તપાસ કરતાં અંદરથી જેટલો મુદ્દામાલ મળ્યો તે જોઈને પોલીસ પણ ચોંકી ગઈ હતી. તેની ગાડીમાંથી ચાર બેગો મળી હતી. જેમાં ત્રણ લેપટોપ, બે કેમેરા, બે લેપટોપ ચાર્જર, કાંડા ઘડિયાળ, બ્લેક હેન્ડ પર્સ, એરટેલ ડોંગલ, ૯ પેન ડ્રાઈવ તથા કાર્ડ રીડર, સાત નંગ મેમરી કાર્ડ, ચાર સિમ કાર્ડ, બે સેમસંગ મોબાઈલ, મુંબઈની એક ટોયોટા ગાડીના દસ્તાવેજો, બેંક ચેકો, અલગ અલગ વ્યક્તિઓના ઓળખપત્રો, બેંકના એટીએમ કાર્ડસ તથા ડ્રાઈવીંગ લાઈસન્સ, આઈડી પ્રુફ તથા અન્ય ગાડીઓના કાગળોની નકલો તેમજ અલગ અલગ ઝુમખામાં લગાવેલી મકાનના તાળાની, તિજોરીઓની તથા ગાડીઓની ચાવીઓ અને નાનુ ચપ્પુ, ગ્રીન હાથા વાળી કેચી, બે પક્કડ, ડીસમીસ તથા વાળી નાંખેલા જેક પાના જેવા ચોરી કરવા વપરાતા હથિયારો આ ગાડીમાંથી મળી આવ્યા હતા.

ગાડી સહિત ઉપરોક્ત મુદ્દામાલ સાથે જુનેદને એલસીબીએ લાવીને ઊંડાણપૂર્વક પુછપરછ કરતા તે મોંઘી ગાડીઓ ફેરવવાનો અને ચિલમ પીવાનો ગાંડો શોખ ધરાવતો હોવાનો શોખીન હોવાનું જણાવી તે ચોરીઓ કરતો હોવાની કબુલાત કરી હતી. બાન્દ્રા ખાતે રહેતા તેના મિત્ર હસન શેખ સાથે મળીને તેણે છેલ્લા બે વર્ષમાં મુંબઈ અને ગુજરાતમાંથી કુલ ૩૩ ચોરીઓ કરી હોવાનું તેને યાદ છે. ભુલી જવાયેલી ચોરીઓ અલગ..! અડાલજમાં છ, અમદાવાદમાં ૧૭, સુરતમાં એક, મુંબઈમાં આઠ અને વડોદરામાંથી એક ચોરી મળીને ૩૩ ચોરીઓ તેણે ગણાવી છે જે તમામ પોલીસ રેકર્ડ પર છે. ઉપરોક્ત ૩૩ ગુનાઓમાં છ ગાડીઓની ચોરીનો પણ સમાવેશ

● અનુસંધાન પાના - ૭ પર

## અરણ્યભવનના કર્મચારીઓને આઉટ સોર્સીંગ એજન્સીએ પગારમાં જુની નોટો થપાવી..!

**૬૦ કર્મચારીઓ રૂ. ૫૦૦-૧૦૦૦ની નોટો લઈને પોલીસ સ્ટેશન પહોંચ્યા : એજન્સીને રેલો આવતા સમાધાન માટે વચેટીયો મોકલ્યો**

ગાંધીનગર, તા. ૧૭

૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટો રદ કર્યે એક અઠવાડીયુ થઈ ગયુ. આજે બપોરે ગાંધીનગર શહેરના સે. ૧૦ ખાતે સ્થિત અરણ્યભવનના કર્મચારીઓને પગાર મળ્યો તો તેમા રદ થયેલી ૫૦૦-



૧૦૦૦ની નોટો નીકળી..! ભાવનગરની સ્પાયર એન્ટરપ્રાઈઝ આઉટ સોર્સીંગ એજન્સી દ્વારા અરણ્યભવનના કોન્ટ્રાક્ટ હેઠળના ૬૦ જેટલા કર્મચારીઓને આજે બપોરે રદ થયેલી ચલણી નોટો આપીને પગાર કરવામાં આવતા હોબાળો થયો હતો અને તમામ કર્મચારીઓનું ટોળુ સે. ૭ પોલીસ સ્ટેશન પહોંચ્યુ હતુ. એજન્સી ધારક સામે ગુનો દાખલ કરવા કર્મચારીઓએ પોલીસને અરજી આપતા એજન્સીને રેલો આવી ગયો હતો અને વચેટીયાને સમાધાન માટે તાત્કાલિક મોકલી આવતીકાલ સુધીમાં નવી ચલણી નોટ વડે પગાર કરી દેવાની હૈયાધારણા આપતા મામલો શાંત પડ્યો હતો. જો કે કાલે પગાર નહી થાય તો ગુનો દાખલ કરાવવાની તૈયારી કર્મચારીઓએ વ્યક્ત કરી છે.

## માણસા ખાતે ૨૦મીએ દિનેશભાઈ વ્યાસનો અભિવાદન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

વિધાનસભાના અધ્યક્ષના અંગત સચિવ તરીકેની જવલંત યશસ્વી કારકિર્દીના ૨૮ વર્ષ પૂર્ણ કર્યા બાદ દિનેશભાઈ કાંતિલાલ વ્યાસે સ્વૈચ્છિક નિવૃત્તિ સ્વિકારી ત્યારે તેમની ઉજ્જવળ સફરને બિરદાવવા માટે અને સરકારમાં રહીને તેમને કરેલા અનેક ઉમદા સેવાકીય કાર્યો પ્રત્યે કૃતજ્ઞતા પ્રગટ કરવા તેમના અભિવાદન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહ ૨૦મીએ બપોરે ૨ કલાકે, આનંદીમાનો વડલો, માણસા-મકાખાડ રોડ, માણસા ખાતે ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ જીતુભાઈ વાઘાણીના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો છે.

આ પ્રસંગે સાંસદ સભ્ય જયશ્રીબેન પટેલ, માણસાના ધારાસભ્ય અમિતભાઈ એચ. ચૌધરી, ગુજરાત રાજ્યના જળસંચય યોજનાના પૂર્વ ચેરમેન ગણેશભાઈ જી. ચૌધરી અને માણસાના ૪૮ ગામ ક.પા. સમાજના પ્રમુખ ડી.ડી. પટેલ અતિથી વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. ગાંધીનગર જિલ્લા ભાજપના પ્રમુખ નૈલેશભાઈ શાહ, ગાંધીનગર જિલ્લા ભાજપના મહામંત્રી અનિલભાઈ એ. પટેલ, માણસા શહેર ભાજપના પ્રમુખ યોગેશ જી. પટેલ, અશ્વિનભાઈ ભાઈશંકર જોશી ભાગવત કથાકાર, મુકેશભાઈ ભટ્ટ અને બંકિમભાઈ પાઠકને પણ આમંત્રીત કરવામાં આવ્યા છે.







## ચિલોડા ગ્રામ્ય વિસ્તારમાં બેંક એટીએમમાં રોકડ રકમ નથી તેવા બોર્ડ લટકી રહ્યા છે

જિલ્લાના મુખ્ય જંકશન મથક ગણાતુ ચિલોડા ખાતે બેંકોના છ એટીએમની સુવિધા હોવા છતાં રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦ની નોટો રદ થયા બાદ નવમા દિવસે એટીએમના શટલ બંધ તથા રોકડ રકમ નથી તેવા બોર્ડ સાથે શોભાના ગાંઠિયા સમાન બેંક એટીએમ લાગી રહ્યા છે. આ બેંકોની દરવાજો લોકો નોટો એક્સચેન્જ માટે લાંબી કતારો નવમા દિવસે હજુ યથાવત રહી છે. ત્યારે દૂધમંડળીના સત્તાવાહકો પશુપાલકોને ૧૦ દિવસે પગાર કરવા ગ્રાહકોના ખાતા ખોલાવી રકમ જમા કરવા મજબુર બન્યા છે. ચિલોડા આસપાસના ગ્રામ્ય લોકો નોટો એક્સચેન્જ કરવા ફોર્મ અને પુરાવા માટે બેંકોમાં હેરાફેરી કરી કતારોમાં ખડેપગે રહી નોટ મેળવવા ઉત્સુકતા દર્શાવી રહ્યા છે.

## આજે ગાંધીનગર ખાતે પ્રગતિસેતુ કાર્યક્રમ

રાજયના વહીવટમાં પારદર્શિતા વધે તેમજ પ્રજાની વ્યક્તિલક્ષી રજૂઆતોના ઝડપી ઉકેલ માટે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ દરેક પ્રાંતકક્ષાએ પ્રગતિ સેતુ કાર્યક્રમ યોજવાનો નિર્ણય કર્યો છે.

ગાંધીનગર અને દહેગામ તાલુકાના સામૂહિક પ્રશ્નો-વિકાસ કામોના પ્રશ્નો તથા રજૂઆતો માટે ૧૮મી નવેમ્બર, ૨૦૧૬ના રોજ સવારના ૧૦ કલાકે સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, સેકટર-૧૭ ખાતે પ્રગતિ સેતુ કાર્યક્રમ યોજાનાર છે. જયારે કલોલ અને માણસા તાલુકાના સામૂહિકલક્ષી પ્રશ્નો-વિકાસ કામો માટેની રજૂઆતો ૨૫મી નવેમ્બર, ૨૦૧૬ના રોજ સવારના ૧૦ કલાકે નગરપાલિકા હોલ, માણસા ખાતે યોજાનાર પ્રગતિ સેતુ કાર્યક્રમમાં કરી શકાશે.

## ગાંધીનગરમાં પ્રેસ-ડેની ઉજવણી

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત રાજય પ્રેસ અકાદમી, ગાંધીનગર અને જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે તા. ૧૬મી નવેમ્બર, ૨૦૧૬ના રોજ રાષ્ટ્રીય પ્રેસ દિનની ઉજવણી ગાંધીનગર ખાતે કરવામાં આવી હતી. રાષ્ટ્રીય




પ્રેસ દિનની ઉજવણી પ્રસંગે " સંઘર્ષ વિસ્તારનો અહેવાલ મીડીયા માટે પડકાર" વિષય પર પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પરિસંવાદમાં ઉપસ્થિત નિવૃત્ત સંયુક્ત માહિતી નિયામક અને લેખક શ્રી નટુભાઈ પરમારે જણાવ્યું હતું કે, વ્યકિત કેવા પુસ્તકોનું વાંચન કરે છે, તેની પરથી સરળતાથી તેના વ્યકિતત્વની ઓળખ થઈ શકે છે. પરંતુ આજની યુવા પેઢીના વ્યક્તિત્વની ઓળખ કરવી હોય તો તેની ફેસબુક, વોટસઅપ, ટીવટર પર થતી પોસ્ટ પરથી જાણી શકાય છે. આજનું પત્રકારત્વ ચોથા યુગનું છે, તેવું કહી અગાઉના ત્રણ યુગોની રસપ્રદ માહિતી આપી હતી. તેમણે ઉપસ્થિત સર્વે પત્રકારોને હુલ્લડ, કોમી રમખાણો, કુદરતી આપત્તિ જેવા સમયનું રીપોર્ટીંગ કરતી વખતે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ તેની વિસ્તૃત વાત કરી હતી. અત્યારના સમયમાં અભ્યાસ કરતાં પત્રકારત્વના વિદ્યાર્થીઓને ઈન્વેસ્ટીગેટીવ જર્નાલિઝમ પર વધુ ધ્યાન આપવામાં આવે છે, પરંતુ તેમાં ઘણીવાર ઘટનાઓની પૂર્વભૂમિકા અને સત્યતા, તેના વિરોધો તથા તેની તટસ્થાની તપાસ કરતા નથી અને તેના દૂરોગામી અસરો અંગે ગંભીરતા હોતી નથી, તેવું પણ ભારપૂર્વક જણાવ્યું હતું.

ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ શ્રી પુલક ત્રિવેદીએ જણાવ્યું હતું કે, પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની સ્થાપના ૧૬ નવેમ્બર, ૧૯૬૬ના રોજ થઈ હતી, જેથી આ દિનની રાષ્ટ્રીય પ્રેસ દિન તરીકે ઉજવવામાં આવી રહી છે. આજે ૫૦મા રાષ્ટ્રીય પ્રેસ ડેની ઉજવણી ગુજરાત રાજયમાં ઠેર ઠેર કરવામાં આવી રહી છે.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન માહિતી મદદનીશ શ્રી પરિમલ પટેલે કર્યું હતું.

આ પરિસંવાદમાં ગાંધીનગર જિલ્લાના પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડિયાના પત્રકાર મિત્રો અને પત્રકારત્વ ક્ષેત્રે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## શહેરમાં સ્વચ્છતા મિશન અંતર્ગત સ્વચ્છતા એમ્બેસેડરોની નિયુક્તિ કરાઈ

**૮ વોર્ડમાં સ્વચ્છતા એમ્બેસેડરોની ઉપસ્થિતિમાં ૧૫થી ૩૦ નવેમ્બર દરમ્યાન થિમેટીક ડ્રાઈવ યોજાશે**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મહાનગર પાલિકાએ સ્વચ્છતા મિશન ૨૦૧૭ અન્વયે શહેરના ૮ વોર્ડમાં સ્વચ્છતા એમ્બેસેડરની નિયુક્તી કરી અને અભિયાનને વેગીલુ બનાવવા માટે નિર્ણય કરેલ છે. આગામી ૧૫ થી ૩૦ નવેમ્બર દરમ્યાન યોજાનાર સ્વચ્છતા સર્વેક્ષણ અંતર્ગત આ નિયુક્તીઓ કરાઈ છે.

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે જારી કરાયેલ અખબારી યાદીમાં આ સ્વચ્છતા એમ્બેસેડરોની નિયુક્તી જાહેર કરાઈ છે.

વોર્ડ નં. ૧માં જીલુભા ધાંધલ, વોર્ડ નં. ૨માં જીલુભા વાઘેલા, વોર્ડ નં. ૩માં કેતન પટેલ, વોર્ડ નં. ૪માં લત્તાબેન ચોકસી, વોર્ડ નં. ૫માં વસંતભાઈ પરમાર, વોર્ડ નં. ૬માં ગણેશભાઈ પટેલ, વોર્ડ નં. ૭માં રૂચિરભાઈ ભટ્ટ અને વોર્ડ નં. ૮માં છનાભાઈ પટેલની નિયુક્તી કરવામાં આવી છે.

આગામી ૧૫ થી ૩૦ નવેમ્બર દરમ્યાન થિમેટીક ડ્રાઈવ શહેરમાં હાથ ધરવામાં આવશે. દરેક વોર્ડમાં એક સપ્તાહ સુધી આ ડ્રાઈવ ચાલશે.

યાદીમાં જ જણાવાયુ છે કે શહેરને સ્વચ્છ રાખવા માટે ૨૧ સ્થળોએ જાહેર શૌચાલયોની સગવડ ઉભી કરવામાં આવી છે તથા ૮ સ્થળો પર શૌચાલય નિર્માણની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે.

તંત્રની યાદીમાં જણાવાયા મુજબ શહેરમાં ૨૪ જેટલા શોપીંગ સેન્ટરો ખાતેના રિપેરીંગની જરૂરિયાતવાળા જાહેર શૈચાલયોને રિનોવેટ કરી લોકપયોગી બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

શહેરને સ્વચ્છ બનાવવાના અભિયાનમાં સૌને સહયોગ આપવા અપીલ કરી સ્વચ્છતામાં શહેરનો ક્રમાંક શ્રેષ્ઠતાની યાદીમાં અગ્રેસર બને તે માટે ખુલ્લામાં શૌચક્રિયા ન કરવા જણાવ્યું છે.

## દર્દીઓને સ્વસ્થ કરતી હોસ્પિટલના સલામતી ગાર્ડ જ બિમાર પડ્યા

દર્દથી કણસતા દર્દીઓ જયાં સારવાર મેળવે છે તેમજ સ્વસ્થ થઈને હરખાતા ઘરે જાય છે ત્યાંની હોસ્પિટલના કર્મચારીઓ જ બિમારીનો ભોગ બન્યા છે. હોસ્પિટલ ખાતે એનઆઈસીયુ અને લેબર વોર્ડમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા કર્મચારીઓ જ બિમારીનો ભોગ બની રહ્યા છે. જેમા એક કર્મચારી અત્યારે હાલ આઠમા માળે ઈન્ડોર પેશન્ટ તરીકે સારવાર મેળવી રહ્યા છે. તેમજ આ દર્દીને ડેન્ગ્યુ હોવાનુ પણ સામે આવ્યું છે.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી દ્વારા સંચાલિત હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ આવે છે. પાંચ માળની ઓપીડી અને આઠ માળની ઈન્ડોરની બિલ્ડીંગ કરોડો રુપીયાના ખર્ચે તૈયાર કરાઈ છે. દર્દીઓને મળતી માળખાકીય સુવિધા પણ વધારો થવા પામ્યો છે. ગાંધીનગર શહેર અને જિલ્લાના દર્દીઓ માટે હોસ્પિટલ આશિર્વાદ રુપ સાબિત થઈ રહી છે. ત્યારે દર્દીઓ અને સરકારી મિલ્કતની સારસંભાળ રાખતી સિકયુરીટી એજન્સીના કર્મચારીઓ રાત દિવસ ફરજ બજાવે છે. ગાર્ડ જે સ્થળે ફરજ બજાવે છે ત્યાં પંખા ની સગવડ નથી. જેને પગલે સિક્યુરીટીના કર્મચારીઓને મચ્છરો કરડે છે. જેથી એક બાદ એક સિકયુરીટી ગાર્ડ બિમારીમાં પટકાઈ રહ્યા છે. હોસ્પિટલના ત્રણ ગાર્ડ બિમારીના પગલે રજા પર છે. જમાંથી એક કર્મચારી ઈન્ડોર સારવાર મેળવી રહ્યા છે આ કર્મચારીને ડેન્ગ્યુ હોવાનુ પણ પ્રકાશમાં આવ્યું છે. ત્યારે એક કર્મચારી રજા પર ઉતરી ગયા છે. હોસ્પિટલ બિલ્ડીંગ અને સતત દર્દીઓનું ધ્યાન રાખતા કર્મચારીઓ મચ્છરો કરડવાથી બિમાર પડી રહ્યા છે ત્યારે સિક્યુરીટી ગાર્ડ ફરજ બજાવતા હોય ત્યાં પંખા નાંખવાની જરુરીયાત ઉભી થવા પામી છે. નહી તો જયા દર્દી સાજા થઈને ઘરે જાય છે ત્યાની હોસ્પિટલના કર્મચારીઓ જ બિમારીનો ભોગ બની રહ્યા છે.